
Publication	ગાંધીનગર સમાચાર	Edition	
Date	તા. 3-૪-૨૦૧૯, બુધવાર	Page No.	૬

સારાંશ ફાઉન્ડેશન દ્વારા વિશ્વ ઓટિઝમ દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨

ભોલારામ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સારાંશ ફાઉન્ડેશને (વિશિષ્ટ બાળકો માટેની સંસ્થા) વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ ડેની ઉજવણી કરી હતી, જેમાં મનોબીના ચક્રોબર્તી કે જેઓ સ્વયં ઓટિઝમ કન્સલ્ટન્ટ છે, તેમણે ઓટિઝમની વિશેની સમજ આપી હતી અને જણાવ્યું હતું કે બાળકો પ્રવર્તતી આ ઓટિઝમ એક પરિસ્થિતિ છે, કોઈ રોગ નથી.

ડિરેક્ટર રાની ચૌધરીએ જણાવ્યું હતું કે આ વિશિષ્ટ બાળકોને વિશિષ્ટ સંભાળની જરૂર છે, સ્નેહ અને લાગણીની જરૂર છે.

આ પ્રસંગે શાળાના શિક્ષકોને વધુ સંવેદનશીલ બનીને આવાં વિશિષ્ટ બાળકોની સંભાળ લેવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો.